BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસ માટે અરજીઓ સ્વીકારવાની શરૂઆત

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (27 માર્ચ 2023) - એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસની મદદથી આ ઉનાળામાં બ્રૅમ્પટનને ખુંદી વળો અને સક્રિય થાવ.

સિટી ઓફ બ્રૅમ્પટન 12 -16 વર્ષના બ્રૅમ્પટનવાસીઓને 2000 એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસ ઓફર કરી રહ્યા છે. પાસધારકો માટે બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ્માં મફત મુસાફરી કરી શકાશે અને બ્રૅમ્પટન રિક્રિએશન ડ્રોપઈન પ્રોગ્રામોની મફત એક્સેસ પસંદ કરી શકાશે જેમાં સામેલ છે સ્વિમિંગ, સ્કેટિંગ અને પસંદગીની કેટલીક રમતગમત.

એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસ માટેના અરજી ફોર્મ આજના રોજ ખૂલી રહ્યા છે. પાસ જુલાઈની 1લીથી સપ્ટેમ્બર 4, 2023 સુધીના ઉનાળાના મહિનાઓમાં માન્ય રહેશે.

2022માં, સોટી કાઉન્સિલે તે લક્ષ્ય સાથે પાયલટ પ્રોજેક્ટનું અનુમોદન કર્યું કે આખા શહેરના યુવાધન માટે અવસરો અને પહોંચ વધે. 1200 કરતા વધુ અરજીઓનો સ્વીકાર થયો હતો જેમાં ટોચના ત્રણ રિક્રિએશન પ્રોગ્રામો હતાં ફિટનેસ સ્વિમિંગ અને બાસ્કેટબૉલ.

**એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસ વિશે વધુ માહિતી માટે અને અરજી કરવા માટે** અહીં ક્લિક કરો.

સિટી ઓફ બ્રૅમ્પટનને પ્લે વર્ક્સ તરફથી પ્લેટિનમ સ્ટેટસ યુથ ફ્રેન્ડલી કમ્યુનિટીનો ખિતાબ ગત વર્ષોમાં ત્રણ વખત પ્રાપ્ત થયો હતો જેને પાર્ક્સ એન્ડ રિક્રિએશન, ઓન્ટારિયોનું સમર્થન છે જે તેની વિકાસ માટે ઉત્તમ પ્રતિબદ્ધતા અને યુવાધન માટે વિકાસની તકો હોવાનો પુરાવો છે.

**સુવાક્યો**

"આ પ્રોગ્રામ આપણા સમુદાયમાં યુવા લોકો ટે સુગમતા અને તકો વધારવા અંગે છે જેથી એક  સ્વસ્થ, ખુશહાલ અને વિકાસશીલ શહેર બનાવી શકાય. અમે જાણીએ છીએ કે સક્રિય પરિવહન નેટવર્ક બનાવવાથી અને રમતગમત અને રિક્રિએશનની પહોંચ સામેના અંતરાયો દૂર કરવાથી એવી આદતો વિકસાવી શકાય અને જોડાણો ઊભા કરી શકાય જેનાથી યુવા લોકોના જીવન પર દીર્ઘકાલીન ટકી રહેતો પ્રભાવ પાડી શકાય."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સલામત અને નિરોગી સમુદાયોના સર્જન માટે સુગમ પ્રોગ્રામિંગ તરફ પ્રતિબદ્ધતા જરૂરી છે અને એક્સ્પ્લોર બ્રૅમ્પટન યુથ પાસ આ પ્રતિબદ્ધતાનું સમર્થન કરે છે. અમારા તમામ રિક્રિએશન સેંટરો પર સિટી પાસે ઘણું બધું પ્રદાન કરવા જેવું છે. બ્રૅમ્પટનના દરેક ખુણે અવસરો ફુટ્યા છે પછી તે નવી

ટીમ શોધી કાઢવી હોય કે સ્વિમિંગ હોય કે સ્કેટિંગ અને હાઇકિંગ હોય અથવા બાઇકિંગ હોય. અમારી પાસે એક જબરદસ્ત પરિવહન નેટવર્ક પણ છે જેનો અમે વિકાસ કરતા રહ્યા છીએ જે આપણા સમુદાયોને જોડે છે અને સંભાવનાઓ ઊભી કરે છે."

*- રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ*

-30-

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca